# મહે. માંડવીના ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.માંડવી જી.સુરત.

ફો.કે.નં.૨૫૩૯/૨૦૨૨
આંક-૦૭

ફરીયાદીઃ- શ્રી સરકાર

વિરૂધ્ધ.

આરોપીઃ- મણિલાલ ભીખુભાઇ વસાવા
રહેવાસીઃ- માંડવી નવુ ફળીયુ તા.માંડવી જિ.સુરત

**ગુનોઃ- પ્રોહિબીશન (સુધારા) અધિનીયમની કલમ ૬૫(એ)(એ) મુજબનો**

**:: ચુ કા દો ::**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદમાં જણાવેલ વિગતે જાહેરમાં વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં દેશી હાથ બનાવટનો દારૂ રાખી મળી આવી ગુનો કરેલ હોય, આરોપી વીરૂધ્ધ પ્રોહિ. (સુધારા) અધિનિયમની કલમ ૬૫(એ)(એ) મુજબની ફરીયાદ માંડવી પો.સ્ટે. દાખલ થતા આરોપી વીરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોય ત.ક.અમલદાર દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. સદર કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ કેસ પેપર્સની નકલ આપી આંક-૦૪થી તહોમતનામુ ફરમાવી આંક-૦૫ થી પ્લી રેકર્ડ કરતા આરોપી ગુનો કબુલ કરવા માંગે છે. તેવી હકિકત જણાવેલ છે. તેમજ આંક-૦૬થી આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગે છે. તેવી હકિકત જણાવેલ છે. આરોપીને ગુનાની મહત્તમ સજા અંગે જાણ કરેલ છે. તેમજ તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરશે તો તેઓ વિરૂધ્ધ પુરાવો ગણાશે તેવી સમજ આપવા છતા આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગે છે તેવી હકિકત જણાવેલ છે. હાલના આરોપી વિરૂધ્ધ પ્રોહિ. એકટ અન્વયેનો આક્ષેપ છે. આ કામે આરોપી પ્રથમ તબક્કે પોતાનો ગુનો કબુલ કરે છે. અને પોતે ગરીબ માણસ હોવાનુ અને મજુરી કામ કરતા હોવાની હકિકત જણાવેલ હોય જે ધ્યાને લેતા તેમજ નામ.ગુજરાત હાઇકોર્ટના

ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર (૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯) ના ચુકાદાના સિધ્ધાંતો નજર સમક્ષ રાખી આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**- હુ ક મ -**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૧ અન્વયે પ્રોહિબીશન(સુધારા) અધિનયમ કલમ-૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૨૦૦/- દંડ પેટે ભરવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કશુર કરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતી મુજબનો મુદ્દામાલ દારૂનો નાશ કરવો.

આજરોજ તા.૧૨/૧૧/૨૦૨૨ના દિવસે નેશનલ લોક-અદાલત અનુસંધાને સ્પેશ્યલ સીટીંગ પણ રાખવામાં આવેલ છે. સ્પેશ્યલ સીટીંગમાં અદાલતને વર્કીંગ દિવસમાં જે કામગીરી કરવાની સત્તા હોય છે તેવી જ સત્તા આપવામાં આવે છે. હાલનો આ ક્રિમિનલ કેસ લોક અદાલત નહિ પરંતુ સ્પેશ્યલ સીટીંગમાં મુકવામાં આવેલ છે. અને તે મુજબ આજરોજ હુકમ જાહેર કરેલ છે.

**( પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ )**
એડી.ચીફ જયુડી.મેજી.
માંડવી જી.સુરત
(જીજે.૦૧૦૫૩)